

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-22 ■ તા. 09-6-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# ગુજરાતના વાતાવરણમાં પલટો, સૌરાષ્ટ્ર સહિત અનેક ભાગોમાં ભારે પવન સાથે વરસાદ



કેરળમાં ચોમાસાની એન્ટ્રી બાદથી એક પછી એક રાજ્યોમાં વરસાદનું આગમન થઈ રહ્યું છે. ત્યારે આજે ગુજરાતના કેટલાક જિલ્લામાં વરસાદ શરૂ થઈ ગયો છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. રાજકોટ અને જામકંડોરણાના અને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. બીજી તરફ અમરેલીના ધારી પંથકમાં પણ વરસાદી માહોલ જામ્યો. બપોર બાદ ધારીમાં વરસાદી ઝાપટુ પડતા લોકોને ગરમીમાંથી રાહત મળી હતી.છોટાઉદેપુરના આજે સવારે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને વરસાદ પડ્યો હતો. બીજી તરફ સુરતના ઓલપાડ તાલુકામાં પણ વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત હવામાન વિભાગે આગાહી કરી હતી કે આગામી ૫ દિવસ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના અનેક ભાગોમાં વરસાદ પડવાની શક્યતા છે.

આ વખતે મે મહિનામાં ગરમીએ જૂના બધા રેકોર્ડ તોડી નાખ્યા છે. ત્યારે આખા ગુજરાત સહિત ભારતના અનેક ભાગોમાં ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આ વચ્ચે વરસાદના અહેવાલથી લોકોને ઘણી ખરી રાહત મળી છે.

ઉલ્લેખનીય છે કે, હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી હતી કે, રાજ્યમાં આ વખતે ૧૦મી જૂનની આસપાસ ચોમાસું શરૂ થશે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે તેમજ કચ્છમાં આંધી આવી શકે છે. દરિયા કિનારાના ભાગોમાં વરસાદ થવાની શક્યતા છે. અરબ સાગરમાં ૧૦મી થી ૧૨મી જૂન દરમિયાન લો પ્રેશર બનશે અને ૧૨મી જૂન સુધીમાં દક્ષિણ-મધ્ય ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદ પડે તેવી શક્યતા છે.

## શું હવે અખિલેશ કરહલ વિધાનસભા બેઠક છોડીને કેન્દ્રીય રાજકારણ પર ફોકસ કરશે



ઉત્તર પ્રદેશમાં શાનદાર જીત નોંધાવ્યા બાદ હવે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ વિધાનસભામાં વિપક્ષના નેતાનું પદ છોડી કેન્દ્રીય રાજકારણ પર ફોકસ કરશે. આ લોકસભા ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીએ યુપીમાં ૩૭ લોકસભા બેઠકો પર જીત હાંસલ કરી છે.

ત્યારબાદ અખિલેશ યાદવે આજે લખનઉની પાર્ટી હેડક્વાર્ટરમાં તમામ વિજેતા સાંસદો સાથે બેઠક કરી હતી જેમાં અખિલેશ યાદવના આગામી પગલા અંગે પણ નિર્ણય લેવાનો હતો. અખિલેશ યાદવ રાજ્યની રાજનીતિમાં વિપક્ષનું નેતૃત્વ કરશે કે પછી દિલ્હી જશે તે અંગે મોટી અપડેટ સામે આવી છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે અખિલેશ યાદવ કરહલ વિધાનસભા બેઠક મેનપુરી) છોડી શકે છે અને હાલમાં કેન્દ્રીય રાજનીતિ પર ધ્યાન કેન્દ્રિત કરશે. સમાજવાદી પાર્ટીએ લોકસભા ચૂંટણીમાં પોતાનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. અખિલેશ યાદવના બેઠક છોડ્યા બાદ તેજ પ્રતાપ યાદવ પ્રબળ દાવેદાર હશે. તેજ પ્રતાપ પહેલા મુલાયમ સિંહ અને આ ચૂંટણીમાં ડિમ્પલ યાદવ સાથે મેનપુરીમાં પ્રચાર કરી ચૂક્યા છે. તેઓ મેનપુરીથી પૂર્વ સાંસદ હતા.

આજે પાર્ટી મુખ્યાલયમાં તમામ નવા સાંસદો એક મજબૂત વિપક્ષ તરીકે પોત-પોતાના ક્ષેત્રમાં કેવી રીતે કામ કરશે અને જનતાના મુદ્દાને રસ્તા પરથી સાંસદ સુધી કેવી રીતે લઈ જશે તેના પણ વ્યૂહરચના બની. આ બેઠકમાં લોકસભામાં અખિલેશ યાદવના પાર્ટી પ્રતિનિધિત્વ પર પણ નિર્ણય થઈ શકે છે. અખિલેશ યાદવે કન્નોજ બેઠક પરથી આ વખતે લોકસભા ચૂંટણી જીતી છે.

બેઠક દરમિયાન અખિલેશ યાદવે કહ્યું કે, સમાજવાદી પાર્ટીના તમામ વિજેતા સાંસદો સાથે મુલાકાત કરી બધાએ આ આકરી ગરમીમાં કામ કર્યું, બીજી તરફ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બે સાંસદો થયા છે

## અમદાવાદ મ્યુનિ.તંત્રની પહેલ શહેરીજનો ઘર આંગણે શાકભાજી ઉગાડી શકશે, તાલિમ વર્ગ શરુ કરાયા

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ તંત્ર દ્વારા નવી પહેલ કરવામાં આવી છે.શહેરીજનો તેમના ઘર આંગણે શાકભાજી અને ફૂલ છોડનો ઉછેર કરી શકે એ માટે તાલિમ વર્ગ શરુ કરવામાં આવ્યા છે.શહેરીજનોને ગાર્ડન મેઈન્ટેનન્સની તાલિમ મેળવવા મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ ઉપર રજિસ્ટ્રેશન કરાવવુ પડશે.રજિસ્ટ્રેશન કરાવનારા શહેરીજનોને આ તાલિમ વિનામૂલ્યે આપવામાં આવશે.



વિશ્વ પર્યાવરણ દિવસથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રસાલા ગાર્ડન ખાતે ગાર્ડન મેઈન્ટેનન્સની તાલિમ આપતા વર્ગ શરુ કરવામા આવ્યા છે.રિક્રીએશન કમિટીના ચેરમેન જયેશ ત્રિવેદીએ કહયુ, સોમવારથી શનિવાર સુધી સવારે ૮થી ૧૦ કલાક દરમિયાન એક બેચને ત્રણ દિવસ તાલિમ આપવામા આવશે. ૩૦ લોકોને એક બેચમાં તાલિમ અપાશે.જેમા એક કલાક પ્રેકટિકલ તથા એક કલાક થિયરીનો સમય રહેશે.સો દિવસ સુધી શહેરીજનોને આ અંગે તાલિમ આપવામા આવશે.સૂર્યપ્રકાશની દિશા મુજબ કિચન ગાર્ડન માટેના સ્થળની પસંદગી કરવા અંગેના માર્ગદર્શન ઉપરાંત કુંડાની પસંદગી, માટી અને ખાતર કેટલા પ્રમાણમાં અને કયારે નાંખવા તેમજ બીયારણ અને ધરુ તૈયાર કરવા તેમજ શાકભાજી કયારે ઉતારવા સહિતની અન્ય બાબતની શહેરીજનોને તાલિમ આપવામા આવશે.ઉપરાંત જીવાતની ઓળખ અને તેના રક્ષણ અંગેની તાલિમ પણ શહેરીજનોને આપવામા આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સેવા એપ્લિકેશન ઉપર રજિસ્ટ્રેશન કરાવવાથી શહેરીજનો આસોપાલવ,ગુલમહોર, સપ્તપર્ણી, વડ ઉપરાંત ખાટી આંબલી,ગોરસ આંબલી, રાયણ, લીમડો,પીપળો અને તુલસી સહિતના રોપા ઘેર બેઠા વિનામૂલ્યે મેળવી શકશે.

## કોળિયાકના દરિયામાં એક જ પરિવારના ૫ સભ્યો ડૂબ્યા

ભાવનગર : કોળિયાક સ્થિત નિષ્કલંક મહાદેવના દરિયામાં સ્નાન કરવા ગયેલા એક જ પરિવારના પાંચ સભ્યો પાણીમાં ડૂબી જતાં તરવૈયાઓએ તમામ સભ્યોના જીવ બચાવી લીધા હતા. જ્યારે માતા-પુત્રીઓ પાણી પી જતાં તેમને સારવાર માટે ભાવનગર સર ટી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મળતી વિગત અનુસાર શહેરના બોરતળાવ, મફતનગર વિસ્તારમાં રહેતા મુળ ધોલેરાના શેળા ગામના વતની ઈંદુબેન લાભુભાઈ રાઠોડ (ઉ.વ.૩૫), તેમની બે પુત્રીઓ નીતાબેન લાભુભાઈ રાઠોડ (ઉ.વ.૧૩), પાયલબેન લાભુભાઈ રાઠોડ (ઉ.વ.૧૮) સહિતના પરિવારજનો આજે બેસતા મહિનાના દિવસે કોળિયાક સ્થિત નિષ્કલંક મહાદેવ ખાતે સમુદ્રસ્નાન કરવા માટે ગયા હતા. ત્યારે પાણીના વહેણમાં ડૂબવા લાગતા બચાવ.. બચાવ..ની બૂમો કરી હતી. જેની જાણ થતાં જ હાજર તરવૈયાઓ અને સેવાભાવીઓએ દરિયામાં છલાંગ મારી ડૂબી રહેલા ત્રણેય માતા-પુત્રી સહિત અન્ય બે લોકોને બચાવી લઈ કાંઠે લાવ્યા હતા. દરમિયાનમાં ઈંદુબેન, નીતાબેન અને પાયલબેન પાણી પી જતાં તેમને તાબડતોડ સારવાર માટે ભાવનગર સર ટી.હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. જ્યાં તેમની સ્થિતિ સ્થિર હોવાનું હોસ્પિટલ પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

## હાઈવે પર રાત્રીના સમયે એકલ-દોકલ જતી વ્યક્તિને લૂંટતી ગેંગને પકડી પાડતી વડોદરા ક્રાઈમ બ્રાન્ચ

વડોદરા,

વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમને એક મોટી સફળતા મળી છે જેમાં હાઈવે પર રાત્રીના સમયે એકલ-દોકલ જતી વ્યક્તિવન પોતાનો શિકાર બનાવી લૂંટ ચલાવતી ગેંગ ને ઝડપી લેવામાં આવી છે. આ સમગ્ર ઘટના અંગે વાત કરીએ તો કપુરાઇ પોલીસ સ્ટેશનની હદમાં હાઇવે પર લૂંટની ઘટના નોંધાઇ હતી જેમાં એક ફરિયાદી પોતાના મિત્ર સાથે ટુ વ્હીલર પર કરજણ તરફ જઇ રહ્યા હતા ત્યારે તરસાલી ચોકડીથી જાંબુઆ બ્રિજ તરફ જતા મહાદેવ હોટલ નજીક ૫, જુનના રોજ રાત્રે ૭ વાગ્યે ઓટો રીક્ષામાં ત્રણ અજાણ્યા ઇસમો આવ્યા હતા. અને ટુ વ્હીલર ઉભુ રાખીને તેની સાથે ઝપાઝપી કરી લૂંટ ચલાવી હતી. આરોપીઓએ ફરિયાદીના શર્ટમાંથી રોકડા રૂ. ૫ હજાર કાઢી લીધા હતા. અને ઓનલાઇન રૂ. ૪ હજાર ટ્રાન્સફર કરાવ્યા હતા. ગુનાની ગંભીરતાને ધ્યાને રાખીને વડોદરા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ સામેલ થયા હતા.


વડોદરા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ દ્વારા સીસીટીવી અને સૂત્રો પાસેથી મળતી માહિતી ના આધાર પર તપાસ આગળ વધારી હતી જેમાં અગાઉ લૂંટના ગુનામાં સંડોવાયેલા શખ્સની સંડોવણી જણાતા ગોત્રી – સેવાસી રોડ પરથી કિરણ અંબાલાલ માછી (રહે. સિંધરોટ ગામ, કૃષ્ણાપુરા, વડોદરા), રસીક ચીમનભાઇ ચૌહાણ (રહે. રામપુરા ગામ, આંકલાવ) અને ભાવિક ઉર્ફે પન્નો અરવિંદભાઇ વાઘેલા (રહે. ગોકુળ નગર) ની અટકાયત કરી હતી. વડોદરા ક્રાઇમ બ્રાન્ચની પ્રાથમિક પુછપરછમાં જ તેઓ ભાંગી પડ્?યા હતા. અને અને લૂંટ આચરી હોવાનું જણાવ્યું હતું. તમામ પાસેથી લૂંટ પૈકી રૂ. ૪ હજાર તેમજ ગુનો આચરવા માટે ઉપયોગમાં લીધેલ ઓટોરીક્ષા, મોબાઇલ ફોન મેળવી લેવામાં આવ્યા હતા. જે બાદ તમામને કપુરાઇ પોલીસ મથકમાં સોંપવામાં આવ્યા હતા. જ્યાં વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. પકડાએલા કિરણ માછી સામે વડોદરા શહેર-જિલ્લાના ૧૧ પોલીસ મથકમાં લૂંટ, ખુનની કોશિષ, ઇંગ્લીશ દારૂના ગુના નોંધાયા છે. ભાવિક વાઘેલા સામે ચોરીના બે ગુનાઓ વડોદરા શહેરના અલગ અલગ પોલીસ મથકમાં નોંધાવવા પામ્યા છે. તો રસીક ચીમન ચૌહાણ સામે શહેરના અલગ અલગ પોલીસ મથકમાં ચાર ગુના નોંધાયા છે.

વડોદરા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ આરોપીઓની તપાસમાં સામે આવેલી હકીકત મુજબ, આરોપીઓને તાત્કાલીક રૂપિયા મેળવવા હતા તેથી તેઓ લૂંટને અંજામ આપતા હતા.

## પશ્ચિમી હથિયારોનો કન્સાઈનમેન્ટ મળ્યા બાદ યુક્રેને ફરી એકવાર રશિયા સામે યુદ્ધમાં જોરદાર વાપસી કરી

તા. ૮

યુક્રેન અને રશિયા વચ્ચે છેલ્લા ૨ વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે જેનો હજી સુધી અંત આવ્યો નથી, પણ હવે યુક્રેન પાસે પશ્ચિમી હથિયારોનો કન્સાઈનમેન્ટ આવી ગયા બાદ ફરી એકવાર યુદ્ધમાં સક્ષમ થઈને પાછું ફર્યું હોય તેવું લાગી રહ્યું છે. યુક્રેને મોટા ડ્રોન હુમલામાં રશિયન તેલ સંશોધન પ્લાન્ટ અને ઈંધણ ડેપોને ઉડાવી દીધો છે. ક્રેમલિનના યુદ્ધના માર્ગને વિક્ષેપિત કરવાના કિવના સતત પ્રયાસો અને યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી દ્વારા બીજા વિશ્વયુદ્ધ પછીના યુરોપના સૌથી મોટા યુદ્ધમાં પશ્ચિમી ટેકો મેળવવા માટે યુક્રેનિયન ડ્રોને રશિયાની બોર્ડર વિસ્તારમાં એક રિફાઇનરી અને એક ઈંધણના ડેપો પર હુમલો કર્યો હતો. લક્ષિત વિસ્તારોના અધિકારીઓએ ગુરુવારે આ માહિતી આપી હતી. ઝેલેન્સકી ગુરુવારે ફ્રાન્સમાં ડી-ડે સમારોહમાં યુએસ રાષ્ટ્રપતિ જો બાઈડેન સહિત વિશ્વના નેતાઓમાં જોડાવા માટે સુનિશ્ચિત થયેલ છે. તેઓ શુક્રવારે ફ્રેન્ચ અધિકારીઓને મળવાના છે. ઝેલેન્સ્કીની મુલાકાત રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ચેતવણીના એક દિવસ બાદ આવી છે જેમા તેમણે કહ્યું હતું કે, રશિયા અન્ય દેશોને લાંબા અંતરના શસ્ત્રો પ્રદાન કરી શકે છે જેથી તેઓ પશ્ચિમી લક્ષ્યો પર હુમલો કરી શકે. ઉત્તર એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (એનએટીઓ)ના સાથીઓએ કહ્યું કે, તેઓ યુક્રેનને રશિયન પ્રદેશ પર હુમલો કરવા માટે કિવને પૂરા પાડવામાં આવેલા શસ્ત્રોનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે તે પછી આ ધમકી આવી છે.



આ ઘટના બાબતે રોસ્ટોવના ગવર્નર વેસિલી ગોલુબેવે જણાવ્યું હતું કે, રશિયાના રોસ્ટોવ પ્રદેશમાં નોવોશાખ્તિન્સ્ક ઓઇલ રિફાઇનરીને રાતોરાત ડ્રોન દ્વારા હુમલો કરી દેવામાં આવ્યો હતો, જેના કારણે આગ લાગી હતી. તેમણે કહ્યું કે બીજા હુમલાને કારણે અગ્નિશામકોને અમુક સમય માટે સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. ચોક્કસ નુકસાન હજુ સુધી જાણી શકાયું નથી. ગોલુબેવે કહ્યું કે કોઈ જાનહાનિ થઈ નથી. અન્ય સરહદી વિસ્તાર (બેલગોરોડ)માં રાત્રે એક ડ્રોને તેલના ડેપો પર હુમલો કર્યો. ગવર્નર વ્યાચેસ્લાવ ગ્લાડકોવે જણાવ્યું હતું કે આ હુમલાના કારણે ઓઇલ સ્ટોરેજ ફેસિલિટીમાં વિસ્ફોટ અને આગ લાગી હતી. તેમણે કહ્યું કે આગ ઝડપથી કાબૂમાં આવી ગઈ હતી અને કોઈ જાનહાનિ થઈ નથી. અહેવાલની પુષ્ટિ કરવી તાત્કાલિક શક્ય ન હતું.

## તંત્રી લેખ......

# તાઈવાનની આસપાસ ફરી દેખાયા ચીનના ફાઈટર પ્લેન, બંને દેશો વચ્ચે તણાવ વધ્યો

તાઈવાનના રક્ષા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે મંગળવાર અને બુધવારે સવારે લગભગ ૨૬ ચીની ફાઈટર પ્લેન અને ૧૦ યુદ્ધ જહાજ તાઈવાનની સરહદ નજીક જોવા મળ્યા હતા. તાઈવાનના મીડિયા અનુસાર, ૨૬માંથી ૧૯ ફાઈટર પ્લેન્સે ચીન અને તાઈવાનની સરહદને વિભાજિત કરતી મધ્ય રેખાને પણ ઓળંગી હતી. ચીનની આ કાર્યવાહીને ઉશ્કેરણીજનક કાર્યવાહી ગણાવવામાં આવી રહી છે.

તાઈવાનના મીડિયાએ અહેવાલ આપ્યો છે કે ચીનના ફાઈટર પ્લેનના જવાબમાં તાઈવાને પણ તેના ફાઈટર પ્લેન અને યુદ્ધ જહાજો મોકલ્યા છે. આ ઉપરાંત, તેણે દરિયાકાંઠાના વિસ્તારોમાં તેની મિસાઈલ સિસ્ટમને પણ સક્રિય કરી છે, જેથી ચીનની કોઈપણ ઉદ્ધતાઈનો જવાબ આપી શકાય. નોંધનીય છે કે નવા રાષ્ટ્રપતિ લાઈ ચિંગ તેહે ૨૦ મેના રોજ તાઈવાનના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. નવી સરકારની રચના બાદથી ચીનનું વલણ આક્રમક રહ્યું છે અને તેના ફાઈટર પ્લેન અને યુદ્ધ જહાજો સતત તાઈવાનની આસપાસ ઘૂમી રહ્યા છે. ચીનની આ કાર્યવાહીને ઉશ્કેરણી તરીકે જોવામાં આવી રહી છે. હકીકતમાં, તેમના શપથ ગ્રહણ સમારોહ દરમિયાન, નવા રાષ્ટ્રપતિ લાઈ ચિંગ તેહે તેમના ભાષણમાં તાઈવાનની સ્વતંત્રતા વિશે વાત કરી, જેનાથી ચીન નારાજ થઈ ગયું. હાલમાં જ ચીની સેનાના વરિષ્ઠ અધિકારી કર્નલ વુ કિયાને કહ્યું હતું કે તાઈવાનની આઝાદીનો અર્થ માત્ર યુદ્ધ છે અને તાઈવાનમાં અલગતાવાદી ગતિવિધિઓને સમર્થન આપતી કોઈપણ વિદેશી હસ્તક્ષેપને સ્વીકારવામાં આવશે નહીં અને તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.ચીનના સૈન્ય અધિકારીએ કહ્યું કે ચીનનું એકીકરણ એક એવી ઘટના છે જેને ટાળી શકાય તેમ નથી. ઉલ્લેખનીય છે કે ચીન તાઈવાનને પોતાનો ભાગ માને છે અને તેથી જ તે તાઈવાનની આઝાદીનો વિરોધ કરે છે.

## પત્રાવળી-૪૯

લતા હિરાણી

રવિવારની સવાર૫.

પ્રિય પત્રમિત્રો,

સ્વપ્ન એક અજબગજબની દુનિયા છે. રાત્રે ઊંઘમાં જોવાતાં સપનાં કે દિવસે ખુલ્લી આંખે જોવાતાં દિવાસ્વપ્ન ! માણસની જિંદગીમાંથી સપનાં બાદ કરી નાખો તો જાણે શરીરમાંથી ચેતન બાદ થઈ જાય ! મનને હુંફાળું ને તાજગીસભર રાખવાનું કામ સપનાનું ! ભલે ક્યારેક ડરામણાં સપનાં આવી જાય, નીંદરમાંથી સફાળા બેઠા કરી દે ને પરસેવે રેબઝેબ કરી મૂકે એવાં સપનાં આવી જાય – અલબત્ત એવું કદીક જ બનતું હોય છે પણ એનાથી હૃદયની સફરની ખાતરી મળે છે, સંવેદના જીવંત હોવાની સાબિતી મળે છે. બાકી રાતભર જોયેલાં સપનાં સવારે ઝાકળની જેમ ઊડી જાય એવા અનુભવો દરેકને અનેક.

સ્વપ્નની સફર ચાલી રહી છે ત્યારે મારાં મીઠાં સપનાંની સાચ્ચી વાત ! જાગતી આંખે, માત્ર જોયેલી નહીં, અનુભવેલી વાત, જે હવે સપનું બની ગઈ છે ! તમને એમાં સાથીદાર બનાવું.

એ પત્રનો જમાનોપ. હવે ભલે ઈ-મેઈલ ને વોટ્સએપથી સંદેશાવ્યવહાર અત્યંત ઝડપી અને સહેલો થઈ ગયો હોય પણ પત્રો લખવા અને પત્રો મેળવવાનો જે રોમાંચ હતો એ આજની પેઢીને કદાચ નહીં સમજાય. મને તો લાગે છે કે એ રોમાંચ, એ




મજા હવે આ પેઢીના નસીબમાં નથી ! કહેનારા કહેશે કે હવે જુદી મજાઓ છે ! સાચી વાત છે, દરેક સમયની પોતાની ખાસિયત હોય છે.

એ અમારો સમય હતો કે જ્યારે સગાઈ થઈ ગઈ હોય તો પણ ભાવિ પતિને મળવું એટલું સહેલું નહોતું પત્રોથી લાગણીનો દરિયો ઠાલવવો એ અમારી ખુશનસીબી હતી. અલબત પત્રો લખવા એય એક કળા છે, સહુને સાધ્ય નથી હોતી. આખી ડિકશનરી ભરીને શબ્દો સામે હોય તોય એ કામ નથી લાગતા જો લાગણીના રસમાં ઝબોળી પીરસવાની કળા ન હોય તો. રોજબરોજની દૈનિક ક્રિયાઓમાંય પ્રેમને જ્યારે પરોવી શકાય ત્યારે એ લખનારા અને વાંચનારાના જીવનનું અદભૂત પ્રકરણ બની જાય છે.

તમે કલ્પના કરી શકો છો કે હૉસ્ટેલની લૉબીમાં છાપાની સાઈઝના ડાર્ક કલરના આર્ટ પેપરને બે હાથમાં ખોલીને છાપાની જેમ જ કોઈ વાંચતું હોય અને એ હોય પ્રેમપત્ર ! હા, દોસ્તો એ સચ્ચાઈ છે. જોકે આ બાબતમાં ઘણા લોકોને બીજા પણ રોમાંચક અનુભવો હોઈ શકે પણ આ મારો અનુપમ અનુભવ ! મારી સગાઈ થઈ પછી અમે બેય પત્રો લખવાના શોખીન અને અમને બંનેને ફાવટ પણ સારી. એમને મૂડ આવી જાય તો સ્ટેશનરીની દુકાને જઈને રંગીન મોટો આર્ટ પેપર લઈ આવે. આટલા મોટા કાગળમાં સાદા ૭૪ સાઈઝની જેમ જમણેથી ડાબે તો લખી જ ન શકાય એટલે બિલકુલ છાપામાં કૉલમ હોય એમ જ ઝીણા સુંદર અક્ષરોએ મને પત્ર લખે. હા, એમના અક્ષરો બહુ સુંદર અને મરોડદાર થતા. હું ખાનગીમાં તો શાંતિથી વાંચી લઉં પણ પછી રવિવારે સવારે નિરાંત હોય એટલે મારી સખીઓને જલાવવા લોબીમાં ઊભી રહું અને બે હાથમાં ફેલાવીને વાંચું ! સાચ્ચે જ, બધી બહેનપણીઓ એવી અદેખાઈ કરે કે ન પૂછો વાત !

'અલી, એવું તે એ શું લખે છે ? રોજ રોજ આટલું બધું શું લખે છે ? અમારે તો 'એમનો' પત્ર માંડ અઠવાડિયે આવે અને એક કાગળની એક સાઈડ માંડ પૂરી થઈ હોય !'' – હું હરખથી ફૂલી ન સમાઉં !

હા, મારે રોજ નિયમિત એક જાડું દળદાર કવર આવે, જેમાં એક્સપ્રેસ ટપાલનો સિક્કો હોય ! તમને ઘણાને યાદ હશે કે એ વખતે સાદી અને એક્સપ્રેસ એમ બે પ્રકારની ટપાલો હતી. વધારે ટિકિટ ચોડવી પડે પણ ટપાલ જલદી મળે. કુરિયરનો તો જમાનો જ નહોતો. એથીયે અર્જન્ટ હોય તો ટેલિગ્રામ ! ફોન હતા પણ એટલી સહેલાઈથી ઉપલબ્ધ નહીં.

મજાની વાત હવે આવે છે. અમારે હોસ્ટેલમાં એવો નિયમ કે રોજ રાત્રે પ્રાર્થના પછી સૌની ટપાલો વહેંચાય અને એય અમારા રેકટરબહેન વાંચીને આપે. પૂરું સેન્સર બોર્ડ હતું. જેની સગાઈ થઈ હોય, એના માબાપનો લેખિત પત્ર મળે પછી એ એક સરનામેથી આવેલ

# દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની મધ્યમાં, નવા સપ્તાહમાં ફરીથી ગરમ અને ભેજવાળી સ્થિતિ પાછી આવશે

નવીદિલ્હી,તા.૮

દિલ્હી અને એનસીઆર પર છેલ્લા કેટલાક દિવસોથી હવામાન વિભાગની દયા સમાપ્ત થશે. હવામાન વિભાગ અનુસાર દિલ્હી-એનસીઆરમાં ધૂળની ડમરીઓ આવવાની સંભાવના છે. આ ઠંડી હવામાન પ્રવૃત્તિ ૯ જૂને સમાપ્ત થશે, ત્યારબાદ સોમવારથી શરૂ થતા નવા સપ્તાહમાં ફરીથી ગરમ અને ભેજવાળી સ્થિતિ પાછી આવશે. આવતા અઠવાડિયે દિલ્હીમાં તાપમાનનો પારો ફરી એકવાર ૪૫ ડિગ્રી સેલ્સિયસ અથવા તેનાથી પણ વધુ સુધી પહોંચી શકે છે. જેના કારણે રાષ્ટ્રીય રાજધાનીમાં બીજી ગરમીનું મોજું શરૂ થઈ શકે છે. તમને જણાવી દઈએ કે દિલ્હીમાં ચોમાસું આવવામાં હજુ ઘણા દિવસો બાકી છે. ટેક્નિકલ રીતે, ચોમાસું જૂનના અંતિમ દિવસોમાં દિલ્હીમાં આવે છે. જો કે હાલમાં ચોમાસું તેની સામાન્ય ગતિએ આગળ વધી રહ્યું છે, એવું માનવામાં આવે છે કે હીટ વેવ બાદ ચોમાસું દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં દસ્તક આપી શકે છે.

રાજસ્થાનના હવામાનની વાત કરીએ તો આજે બીકાનેર, જોધપુર અને આસપાસના વિસ્તારોમાં વીજળીના ચમકારા સાથે મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે. પશ્ચિમ રાજસ્થાનમાં ૯ જૂન સુધી કરા પડવાની શક્યતા છે. જ્યારે બિહાર, ઝારખંડ, ગંગા પશ્ચિમ બંગાળ, ઓડિશા, મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢમાં આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન હળવોથી મધ્યમ વરસાદ પડશે.

પશ્ચિમ મધ્યપ્રદેશમાં ૯ થી ૧૦ જૂન વચ્ચે કરા પડી શકે છે. ઉત્તર-પશ્ચિમ ભારતના રાજ્યોની વાત કરીએ તો જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશમાં ૯-૧૦ જૂન વચ્ચે હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. આ સિવાય ૯ જૂને પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, રાજસ્થાનમાં હળવો વરસાદ થવાની સંભાવના છે. બિહાર, ઝારખંડ, ઓડિશા, ગંગાના પશ્ચિમ બંગાળમાં ૧૨ જૂનથી વરસાદની ગતિવિધિઓ વધશે. ઉત્તર ભારતના ટોચના ૩ સૌથી ગરમ શહેરોની વાત કરીએ તો, ઝાંસી (૪૫.૮), એમપીનું દમોહ (૪૫.૫) અને રાજસ્થાનનું ચિત્તોડગઢ (૪૪.૨) ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ગરમ શહેરોની યાદીમાં સામેલ છે.

ચોમાસાને લઈને હવામાન વિભાગ પાસેથી મળેલી માહિતી મુજબ ચોમાસા આગળ વધવા માટે સ્થિતિ અનુકૂળ છે. આગામી ૭૨ કલાકમાં તે મહારાષ્ટ્ર, તેલંગાણા, તટીય આંધ્ર પ્રદેશના બાકીના વિસ્તારો, છત્તીસગઢ, દક્ષિણ ઓડિશા વગેરે રાજ્યોમાં ત્રાટકશે. જ્યારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને ઉત્તર પાકિસ્તાન અને તેની આસપાસના વિસ્તારોમાં ચક્રવાતી પરિભ્રમણ તરીકે જોવામાં આવી રહ્યું છે. દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનમાં સાયક્લોનિક સરક્યુલેશન સર્જાઈ રહ્યું છે.

'સ્કાયમેટ વેધર' મુજબ, છેલ્લા ૨૪ કલાક દરમિયાન, કેરળ, તમિલનાડુ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, ઉત્તરીય આંતરિક કર્ણાટક, તેલંગાણાના ભાગો અને દક્ષિણ કોંકણ અને ગોવામાં અલગ-અલગ સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ થયો હતો. કોસ્ટલ કર્ણાટક, દક્ષિણ આંતરિક કર્ણાટક, રાયલસીમા, વિદર્ભના ભાગો, ઓડિશા, દક્ષિણ-પૂર્વ ઝારખંડ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને જમ્મુ અને કાશ્મીરમાં વરસાદ થયો હતો. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં હળવા વરસાદ સાથે ધૂળનું તોફાન આવ્યું. દિલ્હી-એનસીઆરમાં પણ રાત્રે ધૂળની ડમરીઓ ઉડી હતી.

સિક્કિમ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, દક્ષિણ મધ્યપ્રદેશ, તટીય આંધ્રપ્રદેશ અને લક્ષદ્વીપમાં હળવો વરસાદ થયો હતો. હરિયાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં હીટ વેવની સ્થિતિ પ્રવર્તી રહી છે.

આગામી ૨૪ કલાક દરમિયાન, કર્ણાટક, કેરળના ભાગો, લક્ષદ્વીપ, કોંકણ અને ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં છૂટાછવાયા ભારે ધોધ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. વિદર્ભ, સિક્કિમ, ઈશાન ભારત, દક્ષિણ ગુજરાત, જમ્મુ કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશના ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. ઓડિશા, દક્ષિણ ગુજરાતના ભાગો, પૂર્વ રાજસ્થાન અને બિહાર અને ઝારખંડના કેટલાક ભાગોમાં હળવો વરસાદ થઈ શકે છે.

પશ્ચિમ રાજસ્થાન, પૂર્વ રાજસ્થાનના ભાગો, પંજાબ અને હરિયાણામાં ઘણી જગ્યાએ ગાજવીજ સાથે ધૂળનું તોફાન આવી શકે છે. દિલ્હી અને આસમધ્યપ્રદેશ, ઝારખંડ, પંજાબ, હરિયાણા, બિહાર અને ઓડિશાના વિવિધ વિસ્તારોમાં ગરમ પવનો ફૂંકાઈ શકે છે.

# દરમિયાન જદયુની બેઠકો ઘટી હોવા છતાં, કેન્દ્ર તેમજ રાજ્યમાં પાર્ટીની સ્થિતિ વધી છે

પટણા,તા.૮

લોકસભા ચૂંટણી પરિણામો ૨૦૨૪ જો કે રાજ્યમાં લોકસભા ચૂંટણી દરમિયાન જદયુની બેઠકો ભલે ઘટી હોય, પરંતુ કેન્દ્ર સહિત રાજ્યમાં પાર્ટીની સ્થિતિ વધી છે. આ દિવસોમાં, જેડીયુએ ૧૬માંથી માત્ર ૧૨ સાંસદો જીત્યા હોવા છતાં, પાર્ટી કેન્દ્રમાં નવી એનડીએ સરકારની રચનામાં મોટી ભૂમિકા ભજવી રહી છે.

બીજી બાજુ, રાજ્યમાં એનડીએમાં પ્રમાણમાં ઓછા ધારાસભ્યો હોવા છતાં, તેઓ હવે મોટા ભાઈની ભૂમિકા ભજવી રહ્યા છે. આગામી વિધાનસભાની ચૂંટણીમાં પણ આ ભૂમિકા ચાલુ રહેશે. જેડીયુના મંત્રી વિજય કુમાર ચૌધરી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સમ્રાટ ચૌધરીએ પણ આ વાતની સત્તાવાર પુષ્ટિ કરી છે. ચૂંટણી પરિણામોએ સ્પષ્ટ કર્યું છે કે બિહારની એનડીએ સરકારને તેનો કાર્યકાળ પૂરો થાય ત્યાં સુધી કોઈ ખતરો નથી. બીજું, એનડીએ ૨૦૨૫માં યોજાનારી વિધાનસભાની ચૂંટણી નીતિશ કુમારના ચહેરા અને નેતૃત્વમાં લડશે.

નીતીશની નીતિ અને અનુભવને કારણે પાર્ટીનો હાથ ઉપર છે, જો પાર્ટીના સૂત્રોનું માનીએ તો, મુખ્યમંત્રી નીતિશ કુમારની નીતિ, અનુભવ, તેમની કામ કરવાની રીત અને અન્ય કારણોને કારણે ગઠબંધનમાં પાર્ટીનો હાથ છે. . આ જ કારણ છે કે એનડીએ સહિત તત્કાલીન મહાગઠબંધન તરફથી તેમની પાસે સરકાર બનાવવાની દરખાસ્તો આવી રહી છે. લોકસભા ચૂંટણીમાં ૧૬માંથી ૧૨ બેઠકો પરની જીત પણ આ દિશામાં નિર્દેશ કરે છે. આવી સ્થિતિમાં આ ચૂંટણી પુરી થતાની સાથે જ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ પણ લગભગ શરૂ થઈ ગઈ છે.એનડીએ હવે મુખ્યમંત્રી નીતિશ કુમારના ચહેરા પર આગામી વિધાનસભા ચૂંટણી લડશે તે પણ નક્કી કરવામાં આવ્યું છે.

### અનેક હોટેલ, દુકાનો, હોસ્પિટલોને કરાઈ સીલ

# ફાયર સેફટી, બીયુ પરવાનગી અને વીજ લોડ બાબતે ભાવનગરનું તંત્ર એક્શનમાં

ભાવનગર,

રાજકોટ અગ્નિકાંડ જેવી દુર્ઘટના ફરી ન સર્જાય તે માટે ભાવનગર નું તંત્ર એક્શનમાં આવી ગયું છે, જેથી ફાયર સેફ્ટી વિના ધમધમતા એકમોને સીલ કરવામાં આવતા વેપારીઓમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. માર્કેટમાં તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ બોલાવવામાં આવી રહ્યો છે. ફાયર એનઓસી અને બીયુ ની પરવાનગી, વીજ લોડ બાબતે હાલ સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે અને વિવિધ મુદ્દે હોટલ્સ, દુકાનો, હોસ્પિટલો સહિત અનેક એકમોને સીલ કરવામાં આવી રહ્યા છે. પ્રથમ દ્રષ્ટિએ એમ લાગે કે ભાવનગર કોર્પોરેશનની આ ઝુંબેશ આવકાર્ય છે. જો કે બીજી તરફ વેપારીઓની સ્થિતિ કફોડી બની છે. બજારમાં ફાયર સેફ્ટીના સાધનો જ પૂરતાં પ્રમાણ ન હોવાના ખુલાસાઓ સામે આવી રહ્યા છે. પણ હવે એક બાજુ પરિસ્થિતિ એવી સર્જાઇ છે કે રૂપિયા ખર્ચ કરતાં પણ ન તો લોકોને ફાયર સેફ્ટીના સાધનો મળી રહ્યા છે કે ન તો આ સાધનો ફીટ કરે તેવાં નિષ્ણાતો. બીજી તરફ કેટલાંક વેપારીઓનો આક્ષેપ છે કે તેમની પાસે ફાયર સેફ્ટીના પૂરતાં સાધનો તો છે. પરંતુ, પરમિશન નથી. ત્યારે તેઓ તંત્ર પાસે માત્ર મુદતની માંગ કરી રહ્યા છે. પરંતુ, તેના બદલે આખાને આખા બિલ્ડિંગોને સીલ કરી દેવાતા વેપારીઓને હાલ મંદીમાં પડતા પર પાટું જેવી સ્થિતિ છે.

જો કે, આ પ્રકારની કાર્યવાહી સામે વિપક્ષે પણ તંત્રને આડે હાથ લીધું છે અને સમય આપવાની માંગ કરી છે. બીજી તરફ એવી પણ માંગ ઊઠી છે કે માત્ર ફાયર સેફ્ટીના સાધનો લગાવવા એ પૂરતું નથી. જરૂરી છે કે આ સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની દરેક દુકાન માલિકો અને કર્મચારીઓને તાલિમ આપવામાં આવે. મેયરે વ્યવસ્થા કરવાની સૂચના તો આપી દીધી છે. પરંતુ, આ વ્યવસ્થાઓ પૂરી ક્યારે થશે તે હવે જોવાનું રહ્યું.. ત્યારે હાલ તો તંત્ર દ્વારા લેવામાં આવેલા પગલાના તવાઈને લીધે અનેક લોકોએ કામધંધા બંધ થતાં તકલીફો ભોગવવાનો વારો આવ્યો છે.

# અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે એરપોર્ટ કાઉન્સિલ ઈન્ટરનેશનલ તરફથી ગ્રાહક અનુભવ માટે લેવલ-૩ માન્યતા પ્રાપ્ત કરી

અમદાવાદ,

ગુજરાતનાં અમદાવાદ એરપોર્ટ પરથી મુસાફરી કરતાં લોકો માટે એક સારા સમાચાર આવ્યા છે જેમાં અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ (એસવીપીઆઈ) એરપોર્ટે એરપોર્ટ કાઉન્સિલ ઈન્ટરનેશનલ (એસીઆઈ) તરફથી ગ્રાહક અનુભવ માટે લેવલ-૩ માન્યતા પ્રાપ્ત કરી છે, જે ઑક્ટોબર ૨૦૨૨ માં એનાયત કરાયેલ તેના અગાઉના લેવલ-૨ દરજ્જાથી નોંધપાત્ર સુધારો દર્શાવે છે. એસીઆઈનો એરપોર્ટ ગ્રાહક અનુભવ માન્યતા કાર્યક્રમ એરપોર્ટ કલ્ચર, ગવર્નન્સ, ઓપરેશનલ ઈમ્પ્રૂવમેન્ટ્સ, માપન, ગ્રાહક વ્યૂહરચના અને ગ્રાહક સમજ સહિત કેટલાક મુખ્ય પરિમાણોના આધારે એરપોર્ટનું મૂલ્યાંકન કરે છે. એરપોર્ટ મેનેજમેન્ટ દ્વારા ગ્રાહકોના અનુભવને વધારવા માટે કરવામાં આવેલા પ્રયાસોની વિગતો આપતાં, રિલીઝમાં જણાવાયું છે કે એક વર્ષમાં રિટેલ અને ફૂડ કાઉન્ટર્સની સંખ્યા બમણી થઈ ગઈ છે, જે પેસેન્જરને સારું મિશ્રણ અને વિકલ્પો પ્રદાન કરે છે, જ્યારે ડિજી યાત્રા જેવી ટેકનોલોજીનો સમાવેશ, 'મેડ ઈન ઈન્ડિયા' રોબોટ્સનો




ઉપયોગ કરીને સેલ્ફ-બેગેજ ડ્રોપ અને ઓટોમેટિક ક્લિનિંગ સિસ્ટમ અને ઈ-ગેટ્સની રજૂઆત મુસાફરોને મદદ કરી રહી હતી.''સિટી એરપોર્ટ ટીમો મુસાફરોને વધુ સારી રીતે સેવા આપવા માટેની તકો ઓળખી રહી છે. અવલોકન અને મુસાફરોની જરૂરિયાતોના આધારે, છેલ્લા કેટલાક વર્ષોમાં સંખ્યાબંધ ફેરફારો કરવામાં આવ્યા છે. ફોરકોર્ટમાં સમર્પિત મીટ અને ગ્રીટ એરિયા, પેસેન્જર ફીડબેકના આધારે સુવ્યવસ્થિત પરિવહન સેવાઓ સાથે વધેલી પિક અપ અને ડ્રોપ લેન વિકસાવવામાં આવી હતી, ''એરપોર્ટ મેનેજમેન્ટ દ્વારા એક રિલીઝમાં જણાવાયું હતું.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું